**ફોજદારી કેસ નંબર : ૧૧૦૫૮૪/૨૦૨૬**

GJVD021191052026

**આરોપીનું નામ :- નજરૂદીન હિસામુદીન શેખ**
**પોલીસ સ્ટેશન :- મંજુસર**
**એફ.આઈ.આર.નં. :- પાર્ટ એ ૧૧૧૯૭૦૧૧૨૫૧૧૩૯/૨૦૨૫**

**ગુન્હો :- બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબ....**

## : ચુકાદો :

**૧.** આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ દ્વારા ઉપરોકત મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતાં હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે .

**૨.** આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં, આરોપી સ્વેચ્છાપૂર્વક હાલનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, આરોપીની કબુલાત સ્વીકારી આરોપીને તેમની સામેના ગુનાની હકીકત વાંચી-સંભળાવી સમજાવી, આરોપીની હાલના ગુનાના કામે પ્લી રેકર્ડ કરી. આરોપી પ્લીમાં પણ કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. આરોપી પોતાની ગુના કબુલાત પુરશીશમાં આ તેમનો પ્રથમ ગુનો હોઈ અને પોતે બાળ-બચ્ચાવાળા હોઈ અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

૩. આરોપીની ગુનાની કબુલાત જોતાં, તે સ્વૈચ્છીક હોવાનુ જણાઈ આવે છે. જેથી આરોપીની ગુના કબુલાત સ્વીકારી આરોપીની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે. તે હકીકત તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૫(૧), જી.એલ.આર. પાન નંબર – ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર દિહરાચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨), જી.એલ.આર. ૯૭૪ રમેશચંદ્ર ભીખાલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિંધ્ધાતો અનુસાર આરોપીને હળવી સજા કરવાનુ વ્યાજબી જણાતું હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## ~: હુકમ :~

- આ કામના આરોપીને ઉપરોક્ત ગુનામા તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ આરોપીને રૂ.૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતાં સુધીની સજા ફરમાવવામા આવે છે. આરોપી જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૧મી, માહે –જુલાઇ , સને–૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬

વડોદરા.

**(પ્રજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ)**

૧૭ મા એડી. ચીફ. જ્યુડી. મેજી. વડોદરા

વડોદરા

CODE NO.GJ01278

દંડ પાવતી નં. :—

વસુલ દંડની રકમ :— રૂ.૧૫૦૦/–

(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)

તા.૧૧/૦૭/૨૦૨૬

નાઝર, ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, વડોદરા.